# વર્ષમાં વધુ પડતી મેચો રમાવી એ જ મોટો પડકાર : સૈકિયા

**બીસીસીઆઇની** સમીક્ષા બેઠકમાં SENA દેશોના પ્રવાસ પહેલાં આરામ અને પ્રેક્ટિસ મેચ પર ભાર મૂકવાનો નિર્ણય

**ખેલાડીઓના** ઇંજરી મેનેજમેન્ટ અંગે ભારતીય ક્રિકેટમાં સંચારની કોઇ કમી નથી, બધા એકમત છે : બીસીસીઆઇ સચિવ



મુંબઈ, તા. 03 : બીસીસીઆઈ સચિવ દેવજિત સૈકિયાએ આજે ગુરુવારે જણાવ્યું હતું કે, બોર્ડ સેના દેશો દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં કોઈ પણ મહત્વપૂર્ણ સીરિઝ પહેલાં ભારતીય ક્રિકેટરોને યોગ્ય આરામ, ત્યાના વાતાવરણમાં ઢળવાનો સમય અને પ્રેક્ટિસ મેચો મળી રહે તે દિશામાં કામ કરશે.

બીસીસીઆઈ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠક બાદ સૈકિયાએ કહ્યું કે, ખેલાડીઓના ઈંજરી મેનેજમેન્ટ અંગે ભારતીય ક્રિકેટમાં સંચારની કોઈ કમી નથી, પરંતુ બોર્ડ ખેલાડીઓને તૈયારી માટે પૂરતો સમય આપવા માટે વધુ સારો ફ્યુચર ટૂર પ્રોગ્રામ (FTP) તૈયાર કરવાનો પ્રયાસ કરશે.

સૈકિયાએ પત્રકારોને જણાવ્યું કે બધા જ એકમત છે. બીસીસીઆઈ એક સુવ્યવસ્થિત એન્જિનની જેમ કામ કરી રહ્યું છે. મહિલા ટીમની સમિતિઓ, ટેકનિકલ સ્ટાફ, કોચ, COE (સેન્ટર ઓફ એક્સેલન્સ) કે પછી ભારતીય પુરુષ ટીમનો કોચિંગ સ્ટાફ અને હેડ કોચ એમ બીસીસીઆઈની તમામ પાંખો વચ્ચે યોગ્ય સંકલન છે. કોઈ સમસ્યા નથી, બધું જ સાચી દિશામાં આગળ વધી રહ્યું છે. વર્ષમાં ખુબ જ વધારે મેચ રમાઇ રહી છે તે જ મુખ્ય પડકાર છે. આથી જ આગામી FTPમાં અમે અમુક ચોક્કસ પગલાં લઈશું.

આ સમીક્ષા બેઠકમાં ભારતની ટેસ્ટ અને વન ડે ટીમનો કેપ્ટન શુભમન ગિલ, ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યર, હેડ કોચ ગૌતમ ગંભીર, સેન્ટર ઓફ એક્સેલન્સના ડિરેક્ટર વીવીએસ લક્ષ્મણ અને બીસીસીઆઈના અધિકારીઓ હાજર રહ્યા હતા. જોકે, પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પણ જોડાઈ શક્યા નહોતા. ખેલાડીઓની વારંવારની ઈજાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા સૈકિયાએ સ્પષ્ટ કર્યું કે ટીમ અને COE વચ્ચે કોઈ કમ્યુનિકેશન ગેપ નથી.

### અજીત અગરકર બેઠકમાં ગેરહાજર, સૈકિયાએ કહ્યું તે એવા સ્થળે હતો જ્યાંથી જોડાઇ ન શક્યો

આજની આ સમીક્ષા બેઠકમાં અજીત અગરકર હાજર નહોતો. અગરકરની ગેરહાજરી અંગે સૈકિયાએ કહ્યું, તે આજે શહેરની બહાર હતો તેથી શોર્ટ નોટિસ પર બોલાવાયેલી બેઠકમાં હાજર રહી શક્યો નહીં. વળી તે એવી જગ્યાએ હતો જ્યાં અમારા શ્રેષ્ઠ પ્રયાસો છતાં, તેઓ ઓનલાઈન પણ બેઠકમાં જોડાઈ શક્યો નહીં. મુખ્ય પસંદગીકાર તરીકે અગરકરના કાર્યકાળને લંબાવવા અંગે કોઈ ચર્ચા થઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, સૈકિયાએ કહ્યું, આજની બેઠકમાં આવી કોઈ ચર્ચા થઈ નથી. સૈકિયાએ બીસીસીઆઈના ક્રિકેટ ડિરેક્ટર તરીકે લક્ષ્મણની નિમણૂક અંગેની અફવાઓને પણ ફગાવી દીધી.

## રોહિત શર્મા શાનદાર રમી રહ્યો છે, તેનાથી વધુ શું જોઇએ : સૈકિયા

**રોહિત** શર્માના ભાવિ સંબંધિત તમામ અટકળોને બીસીસીઆઇના સચિવે ફગાવી દીધી



મુંબઈ, તા. 03 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના સચિવ દેવજીત સૈકિયા રોહિત શર્માના ભવિષ્ય અંગેની અટકળોમાં કોઈ મસાલો ઉમેરવા માંગતા નથી અને કહ્યું હતું કે માજી ભારતીય કેપ્ટન 'શાનદાર' પ્રદર્શન કરી રહ્યો છે. ગુરુવારે, સૈકિયાએ ભારત માટે ફક્ત વનડે રમનારા રોહિતના ભવિષ્ય અંગેની અટકળો કરનારાઓ પર સવાલ ઉઠાવ્યા. સૈકિયાએ અહીં બીસીસીઆઈ સમીક્ષા બેઠક પૂર્ણ થયા પછી પત્રકારોને જણાવ્યું કે તે બધી મેચોમાં શાનદાર રમી રહ્યો છે. તો તમને બીજું શું જોઈએ છે? તેણે છેલ્લી મેચમાં 138 રન બનાવ્યા હતા, તો આ અટકળો શા માટે? તેથી હું આ અટકળોને વધુ વેગ આપવા માંગતો નથી. દેવજીત સૈકિયાની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે રોહિતના વનડે ભવિષ્ય અંગે ફરી એકવાર અટકળો તેજ થઈ ગઈ છે. 2027ના વન ડે વર્લ્ડકપ વર્ષમાં તે 40 વર્ષનો થશે, જેના કારણે તેની ઉંમર ભારતના લાંબા ગાળાના આયોજનની ચર્ચાનો અનિવાર્ય ભાગ બની શકે છે, જોકે, હાલ માટે, બીસીસીઆઇ માજી કેપ્ટનને બહાર નીકળવા તરફ ધકેલવાને બદલે તેનું સમર્થન કરી રહ્યું હોય તેવું લાગે છે.

# સ્મૃતિ મંધાનાની વિક્રમી સદીથી ભારતે હોંગકોંગ સામે મૂક્યો 194નો લક્ષ્યાંક

**મહિલા** ઇન્ટરનેશનલ ક્રિકેટમાં 18મી સદી સાથે સ્મૃતિ મંધાનાએ સર્વાધિક સદીનો મેગ લેનિંગનો રેકોર્ડ તોડ્યો, સર્વાધિક રન મામલે મિતાલી રાજને પાછળ છોડી



દુબઈ, તા. 03 (PTI) : મહિલા એશિયા કપની અહીં આજે ગુરુવારે રમાયેલી મેચમાં સ્મૃતિ મંધાનાએ હોંગકોંગના નબળા બોલિંગ આક્રમણને ધૂળ ચાટતું કરીને રેકોર્ડબ્રેક સદી ફટકારી હતી. તેની આ ઈનિંગના જોરે ભારતે પાંચ વિકેટે 193 રનનો વિશાળ સ્કોર ઊભો કર્યો હતો.

64 બોલમાં 124 રન ફટકારનાર મંધાનાએ ધીમી શરૂઆત બાદ ઝડપથી રન વધાર્યા હતા. તેણે ઓપનિંગ પાર્ટનર શેફાલી વર્મા (17 બોલમાં 28 રન) સાથે 74 રનની ભાગીદારી કરીને વિશાળ ઈનિંગનો પાયો નાખ્યો હતો. હોંગકોંગના બોલરોએ સતત ખરાબ અને નબળા બોલ ફેંકીને ભારતીય બેટર્સનું કામ વધુ આસાન કરી દીધું હતું.

મંધાનાએ 17મી ઓવરમાં તમામ ફોર્મેટમાં પોતાની 18મી ઈન્ટરનેશનલ સદી પૂરી કરી હતી. આ સાથે જ તેણે મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાના મામલે ઓસ્ટ્રેલિયાની દિગ્ગજ ખેલાડી મેગ લેનિંગને પાછળ છોડી દીધી હતી. મંધાનાની ટી-20 ક્રિકેટમાં આ બીજી સદી હતી. તે પછીની ઓવરમાં મંધાનાએ સામેની તરફ બે શાનદાર સિક્સર ફટકારીને સૌથી વધુ રન બનાવનારી બેટર્સની યાદીમાં મિતાલી રાજ (10,868 રન)ને પણ પાછળ છોડી દીધી હતી.

હોંગકોંગના બોલરોની મર્યાદાઓ હોવા છતાં, મંધાનાએ એવી પીચ પર બેટિંગ ખૂબ સરળ બનાવી દીધી હતી જ્યાં અન્ય બેટર્સને સેટ થવામાં સમય લાગી રહ્યો હતો. તેની ઓપનિંગ પાર્ટનર શેફાલી વર્માએ પણ શરૂઆતમાં ધીમી બેટિંગ કરી હતી, પરંતુ પાવરપ્લેની છેલ્લી ઓવરમાં ૨૨ રન ફટકારીને તેણે આક્રમક વલણ અપનાવ્યું હતું. હોંગકોંગે મંધાનાને વાઇડ લાઇન પર બોલિંગ કરીને જાળમાં ફસાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતની આ અનુભવી ઓપનરને આ રણનીતિથી કોઈ ખાસ ફરક પડ્યો નહોતો.

| ભારતીય મહિલા | રન | બોલ | 4 | 6 |
| --- | --- | --- | --- | --- |
| સ્મૃતિ રનઆઉટ | 124 | 64 | 14 | 7 |
| શેફાલી કો.લિમ્લૌ બો.ઋચિતા | 28 | 17 | 3 | 2 |
| પ્રતિકા કો.મરિયમ બો.જોયલીન | 10 | 12 | 0 | 0 |
| ઋચા કોએન્ડબો.લિમ્લૌ | 11 | 13 | 1 | 0 |
| હરમન કો.જોયલીન બો.લિમ્લૌ | 10 | 9 | 1 | 0 |
| કુલમાલી નોટઆઉટ | 2 | 4 | 0 | 0 |
| દીપ્તિ નોટઆઉટ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ (20 ઓવરમાં પાંચ વિકેટે) | 193 | | | |

**વિકેટપતન** : 1-74, 2-111, 3-151, 4-185, 5-190

| બોલિંગ | O | M | R | W |
| --- | --- | --- | --- | --- |
| ઇકરા શહર | 4 | 0 | 28 | 0 |
| કેરિ ચાન | 3 | 0 | 28 | 0 |
| મરિના લિમ્લૌ | 4 | 0 | 46 | 2 |
| મરિયમ બીબી | 2 | 0 | 29 | 0 |
| એલિસન સિઉ | 3 | 0 | 19 | 0 |
| ઋચિતા વેંકટેશ | 2 | 0 | 30 | 1 |
| જોયલીન કૌર | 2 | 0 | 12 | 1 |

# યુએસ ઓપન: સબાલેન્કા બીજો રાઉન્ડ માત્ર 53 મિનિટમાં જીતી

**મહિલા** સિંગલ્સમાં જેસિકા પેગુલા, કેરોલિના મુચોવા, માર્ટા કોસ્ટયુક પણ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશી

**પુરુષ** સિંગલ્સમાં બેન શેલ્ટન, ડેનિલ મેદવેદેવ, એલેક્સ મિશેલસન, ફ્રાન્સિસ ટિયાફોની આગેકૂચ

**જો**કોવિચને હરાવી અપસેટ કરનારા મારિયાનો નાવોએ માટિયો બેરેટિનીને પણ હરાવ્યો



ન્યૂયોર્ક, તા. 03 (AP) : ખરાબ ફોર્મ અને પોતાનું નંબર વન રેન્કિંગ ગુમાવવાના જોખમ સાથે યુએસ ઓપનમાં આવેલી આર્યના સબાલેન્કા હવે ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે અને સતત ત્રીજી વાર ટાઇટલ જીતવા માટે સંપૂર્ણપણે તૈયાર દેખાઈ રહી છે. ટોપ-સીડેડ સબાલેન્કાએ બુધવારે રાત્રે પોલિના ઈઆત્સેન્કોને માત્ર 53 મિનિટમાં 6-1, 6-1થી હરાવી હતી. તેના પાવર-હિટિંગ પ્રદર્શનને જોઈને એવું લાગી રહ્યું હતું કે તેની તાજેતરની સમસ્યાઓ હવે ભૂતકાળ બની ગઈ છે.

જેસિકા પેગુલા પણ આવા જ ખેલાડીઓમાંથી એક હતી, જેને સોફિયા કેનિનને 6-3, 6-3, 6-1થી હરાવવામાં માત્ર 56 મિનિટ લાગી હતી. મહિલા સિંગલ્સની અન્ય મેચમાં વિમ્બલડનની રનર-અપ કરોલિના મુચોવાએ કેટી બૌલ્ટરને 6-1, 6-0થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે 11મી સીડ માર્ટા કોસ્ટ્યુકે 2017ની ચેમ્પિયન સ્લોન સ્ટેફન્સને 6-1, 7-5થી હરાવી હતી.

પુરુષ સિંગલ્સમાં બેન શેલ્ટને હુબર્ટ હુર્કાચને 6-3, 5-7, 7-6, 7-5થી, દાનિલ મેદવેદેવે સેબેસ્ટિયન ગોર્ઝનીને 6-3, 6-3, 7-5.થી હરાવ્યો હતો. એલેક્સ મિશેલસને અમેરિકાના જ બ્રાન્ડન નકાશિમાને 6-3, 6-4, 6-4થી હરાવીને અપસેટ કર્યો હતો. ફ્રાન્સિસ ટિયાફોએ જાપાનના ક્વોલિફાયર રેઈ સાકામોટોને સીધા સેટમાં હરાવ્યો હતો. આર્જેન્ટિનાના મારિયાનો નાવોને નોવાક જોકોવિચ સામેની પોતાની જીતનો સિલસિલો જાળવી રાખીને મટેઓ બેરેટિનીને 3-6, 6-3, 6-4, 7-6થી હરાવ્યો હતો.

### નેટ પર પક્ષી બેસીને ઉડતા અમ્પાયરે રમત બંધ કરાવતા મેદવેદવે વિરોધ કર્યો

ન્યુ યોર્ક, તા. 03 : યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં બુધવારે એક વિચિત્ર દૃશ્ય જોવા મળ્યું જ્યારે બીજા રાઉન્ડની મેચ દરમિયાન નેટ પર બે પક્ષી આવીને બેસીને ઉડ્યા ત્યારે ચેર અમ્પાયરે રમત બંધ કરી હતી ત્યારે આ નિર્ણયને ડેનિલ મેદવેદેવે હાસ્યાસ્પદ ગણાવી વિરોધ કર્યો હતો. બીજા સેટમાં બે નાના પક્ષીઓ નેટની ઉપર આવી ગયા, પરંતુ રમત ચાલુ રહી. બંને ખેલાડીઓએ ઘણા શોટ રમ્યા, પરંતુ મેદવેદેવે ફોરહેન્ડ શોટ મારીને પોઇન્ટ જીત્યો અને પક્ષી ઉડ્યા કે તરત અમ્પાયર ટીમો ચાઝેને રમત અટકાવી હતી. મેદવેદેવે વિરોધમાં કહ્યું હતું કે મેં મારા જીવનમાં આનાથી વધુ હાસ્યાસ્પદ નિર્ણય ક્યારેય જોયો નથી. જ્યારે પક્ષી નેટ પર બેઠા, ત્યારે મને લાગ્યું કે અમ્પાયર રમત બંધ કરશે, પરંતુ તેમણે ચાલુ રાખી. પરંતુ મેં વિજેતા શોટ મારતાની સાથે જ તેણે બૂમ પાડી, 'રોકો. રોકો. રોકો.

### વરસાદે રમતમાં વિક્ષેપ પાડતા પહેલો રાઉન્ડ ચોથા દિવસ સુધી ખેંચાયો

યુ.એસ. ઓપને ગયા વર્ષથી રવિવારથી ટૂર્નામેન્ટ શરૂ કરી હતી, જેથી પ્રથમ રાઉન્ડ શરૂઆતના ત્રણ દિવસમાં વહેંચાઈ જાય. જો હવામાન સારું રહ્યું હોત, તો બુધવાર સુધીમાં દરેક ખેલાડી બીજા રાઉન્ડમાં રમી રહ્યો હોત. પરંતુ વરસાદે રમત બગાડી હતી. વરસાદને કારણે બહારના કોર્ટમાં મેચો સ્થગિત કરવી પડી હતી. તેથી ત્યાં શેડ્યૂલ થયેલા ખેલાડીઓને અન્ય ખેલાડીઓની જેમ વારંવાર રમતમાં આવતી અડચણોનો સામનો કરવો પડ્યો નહોતો. વરસાદને કારણે ઓસ્ટ્રેલિયાના એલેક્સ ડી મિનૌરે બુધવારે તેની પહેલી મેચ રમી ઇટલીના એન્ડ્રિયા ગુએરીરીને હરાવી બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો પૌલા બડોસાએ પણ પહેલો રાઉન્ડ જીતવા માટે બે દિવસ સુધી રમવું પડ્યું હતું. પ્રથમ રાઉન્ડ આખરે બુધવારે મોડી રાત્રે પૂરો થયો હતો, જેમાં ટૂર્નામેન્ટને સમયસર પૂરી કરવા માટે પુરુષ સિંગલ્સની ૨૫ મેચો યોજવામાં આવી હતી.

### પહેલો સેટ ગુમાવ્યા બાદ વાપસી કરી અલ્કારાઝ ફારિયાને હરાવી ત્રીજા રાઉન્ડમાં



ન્યુ યોર્ક, તા. 03 (એપી) : એપ્રિલ પછી પહેલી વાર કોઈ ટુર્નામેન્ટમાં રમી રહેલા ડિફેન્ડિંગ ચેમ્પિયન અને કાર્લોસ અલ્કારાઝે યુએસ ઓપનના બીજા રાઉન્ડમાં પહેલો સેટ ગુમાવ્યા બાદ જોરદાર વાપસી કરીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. બુધવારે રાત્રે, અલ્કારાઝે શરૂઆતમાં પાછળ રહ્યા પછી સતત આઠ ગેમ જીતીને જેમે ફારિયાને 4-6, 6-0, 6-3, 6-2 થી હરાવ્યો હતો. અલ્કારાઝે મેચ પછી કહ્યું હતું કે સાચું કહું તો, હું મેચ ઝડપથી પૂરી કરવા માંગતો હતો. પરંતુ મેચને ચાર સેટ સુધી લંબાવવી મારા માટે સારી હતી કારણ કે તેનાથી મને મારી ફિટનેસ દેખાઈ. ગયા વર્ષે યાનિક સિનર સામેની ફાઇનલ સુધી અલ્કારાઝે એક પણ સેટ હાર્યો ન હતો. ત્યારબાદ તેણે સિનરને ચાર સેટમાં હરાવીને તેનું બીજું યુએસ ઓપન ટાઇટલ જીત્યું.

# કિંગ ચાર્લ્સની મુલાકાત સંબંધિત PCBના ફરમાનને એક ખેલાડીએ અવગણ્યું

**પ્રવાસમાં** અધવચ્ચે દૂર કરાયેલા સાતેય ખેલાડીને મુલાકાતમાં હાજર રહેવા કહેવાયું પણ માત્ર ચાર જ હાજર રહ્યા

**ઇમામ** ઉલ હક, મહંમદ રિઝવાન અને સલમાન અલી આગા ગેરહાજર, ઇમામ અને રિઝવાન પાકિસ્તાન જતા રહ્યા હતા



લંડન, તા. 03 : ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ પહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા શાહી મુલાકાતમાં જોડાવાની સૂચના આપવામાં આવી હોવા છતાં, પાકિસ્તાનના એક ખેલાડીએ ક્લેરેન્સ હાઉસ ખાતે કિંગ ચાર્લ્સ III સાથે ટીમની બેઠકમાં હાજરી આપવાનો ઈનકાર કર્યો હોવાના અહેવાલ છે.

લોર્ડ્સમાં પાકિસ્તાનની ભારે હાર બાદ ટેસ્ટ ટીમમાંથી બહાર કરાયેલા સાત ક્રિકેટરોમાં આ ખેલાડીનો સમાવેશ થાય છે. ધ ટેલિગ્રાફના એક અહેવાલ મુજબ, કિંગ સાથેની મુલાકાતમાં ટીમના સભ્યોની સંખ્યા ઘણી ઓછી દેખાવાની સંભાવનાને કારણે પીસીબીએ ટીમમાંથી દૂર કરાયેલા સાત ખેલાડીઓ સહિત સમગ્ર પાકિસ્તાન પ્રવાસી જૂથને બેઠકમાં હાજરી આપવા માટે ફરમાન કર્યું હતું.

બાકાત કરાયેલા સાત ખેલાડીઓમાંથી મુહમ્મદ અવૈસ ઝફર, આમિર જમાલ, ખુર્રમ શહઝાદ અને અલી ઉસ્માન હાજર હતા, જ્યારે બે અન્ય ખેલાડીઓ પાકિસ્તાન પહોંચી ગયા હોવાથી હાજરી આપવાનું નકાર્યું હતું. અને એક અન્ય ખેલાડીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા તેમની સાથે થયેલા વર્તનના વિરોધમાં દૂર રહેવાનું પસંદ કર્યું હતું.

જે ખેલાડીઓને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા અને મુલાકાતમાં હાજર ન રહ્યા તેમાં ઈમામ-ઉલ-હક, મહંમદ રિઝવાન અને સલમાન અલી આગાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, લોર્ડ્સ ટેસ્ટમાં પાકિસ્તાન હાર્યાના બીજા દિવસે ઈમામ અને રિઝવાન પાકિસ્તાન પાછા ફર્યા હતા.આ સ્થિતિમાં પાકિસ્તાની બોર્ડના ફરમાનને નકારનાર ખેલાડી સલમાન આગા હોવાની સંભાવના છે.

### કિંગ ચાર્લ્સ સાથેની મુલાકાતમાં પાકિસ્તાની ટીમે તેમને ટીમના હસ્તાક્ષર વાળુ બેટ ભેટ કર્યું



લંડન : પીસીબી ચેરમેન મોહસીન નકવી અને કેપ્ટન બાબર આઝમની આગેવાની હેઠળની આખી પાકિસ્તાની ટીમ બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજાના શાહી મહેલ ક્લેરેન્સ હાઉસ ગઈ હતી. જ્યાં કેપ્ટન બાબર આઝમે ક્લેરેન્સ હાઉસ ખાતે કિંગ ચાર્લ્સને ટીમ દ્વારા સહી કરેલું ક્રિકેટ બેટ ભેટમાં આપ્યું. હતું.

## ચાઈના માસ્ટર્સ : શ્રીકાંતે લાઈને હરાવ્યો, તન્વી હારી

શેનઝેન, તા. 03 (પીટીઆઈ) : અનુભવી ભારતીય ખેલાડી કિદામ્બી શ્રીકાંતે ગુરુવારે અહીં ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાંવિશ્વના નવમા ક્રમાંકિત કેનેડાના વિક્ટર લાઈને સીધી રમતોમાં હરાવીને પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખીને પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

આ વર્ષની શરૂઆતમાં યુએસ ઓપન સુપર 300 ફાઇનલમાં પહોંચેલા 33 વર્ષીય શ્રીકાંતે ગયા મહિને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતનાર લાઇ સામે 21-18, 21-19 થી જીત મેળવીને અપસેટ સર્જ્યો હતો. મહિલા સિંગલ્સમાં, તાજેતરમાં તાઈપેઈ ઓપન વર્લ્ડ ટૂર સુપર 300 ટાઇટલ જીતનાર તન્વી શર્મા બીજા રાઉન્ડમાં વિશ્વની નવમી ક્રમાંકિત જાપાનની ટોમોકા મિયાઝાકી સામે 17-21, 21-18, 16-21 થી હારી ગઈ. જ્યારે પુરુષ ડબલ્સમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની પુરુષ ડબલ્સની જોડીએ ફ્રાન્સના ક્રિસ્ટો અને ટોમા જુનિયર પોપોવ ભાઈઓને 21-15, 22-24, 21-9 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જો કે મિક્ષ્ડ ડબલ્સમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો ચાઈનીઝ તાઈપેઈના લિયુ કુઆંગ હેંગ અને હસુ યિન હુઈ સામે ૧૮-૨૧, ૧૮-૨૧થી હારી ગયા હતા.

## અનુસંધાન ... પાના પહેલાનું

### સર્જીકલ સ્ટ્રાઇકના...

ફાટી નિકળેલી લડાઇ વખતે વર્ધમાને પાકિસ્તાનનું એક જેટ વિમાન તોડી પાડ્યું હતું. જો કે પાકિસ્તાનના હવાઈ દળે પણ વર્ધમાનનું વિમાન તોડી પાડ્યુ હતું અને તેઓ ત્રણ દિવસ પાકિસ્તાનના કબજામાં રહ્યા હતા.

### તહેવારોમાં જ મોંઘવારીનો...

બિલમાં વધારો થવાની શક્યતા છે. બીજી તરફ રાંધણ ગેસ જેવી આવશ્યક સેવાના ખર્ચમાં વધારો થતાં ઘરનું માસિક બજેટ વધુ ખોરવાઈ શકે છે.

### CJPમાં ફાટફૂટ:...

સક્રિય સ્વયંસેવકોને ચર્ચામાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. વિરોધ દરમિયાન બંનેની તબિયત બગડતાં બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પછી, સમાચાર અહેવાલોમાં બ્રહ્મભટ્ટની ઓળખ "CJP કાર્યકર" તરીકે કરવામાં આવી હતી. ગુરુવારે દિલ્હીમાં CJP-Dની રચનાની ઘોષણા કરતા, બ્રહ્મભટ્ટે આરોપ લગાવ્યો કે મૂળ આંદોલન કેજરીવાલ અને AAPના રાજકીય હિતોની સેવા કરતા લોકો દ્વારા કબજે કરવામાં આવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે CJPની ટીમ માટે પસંદ કરાયેલા આઠ લોકો AAP સાથે સંબંધ ધરાવે છે. દાવો સ્વતંત્ર રીતે સ્થાપિત થયો નથી. બ્રહ્મભટ્ટે એવો પણ દાવો કર્યો હતો કે અસંમત સ્વયંસેવકોએ એક રાષ્ટ્રીય બંધારણની દરખાસ્ત કરી હતી જે સમગ્ર ભારતમાંથી વિરોધીઓને પ્રતિનિધિત્વ પ્રદાન કરશે. અગાઉ, CJP એ રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની જાહેરાત કરી હતી જેમાં દિપકે તેના રાષ્ટ્રીય સંયોજક હતા. તે સમયે બ્રહ્મભટ્ટ અને તેના સહાયકોએ આક્ષેપ કર્યો હતો કે પસંદગી પ્રક્રિયાએ દિપકેની નજીકના લોકોની તરફેણ કરી હતી અને જેઓએ આંદોલનમાં ભાગ લીધો હતો તેમની સાથે પર્યાપ્ત રીતે સલાહ લીધી ન હતી. એક અહેવાલ મુજબ, બ્રહ્મભટ્ટ મૂળ ગુજરાતના છે.

### સ્પર્ધક દેશો કરતા...

મોરેશિયસ, ઓમાન, UAE અને ઓસ્ટ્રેલિયા સાથે વેપાર કરારો લાગુ કર્યા છે. "ન્યુઝીલેન્ડ સાથે(વેપાર કરાર) ટૂંક સમયમાં લાઇવ થશે અને ત્યારબાદ (27 દેશોના બ્લોક, EU સાથે FTA) શરૂ થશે. અને જલદી જ યુએસ અમને પ્રેફરન્શિયલ રેટ આપી શકશે, અમારી સ્પર્ધાની તુલનામાં, અમે BTA ને અંતિમ સ્વરૂપ આપીશું અને અંતિમ વિગતો જાહેર કરીશું," તેમણે વાણિજ્ય મંત્રાલય દ્વારા આયોજિત મુક્ત વેપાર કરારો પર એક વર્કશોપમાં કહ્યું. ફેબ્રુઆરીમાં, ભારત અને યુએસએ કરારના પ્રથમ તબક્કા માટે માળખાને અંતિમ સ્વરૂપ આપવાની જાહેરાત કરી હતી, પરંતુ અમેરિકામાં ટેરિફ લેન્ડસ્કેપમાં ફેરફારને કારણે બંને દેશો વચ્ચે કરાર પર વધુ વાટાઘાટો થઈ છે. અમેરિકાએ 24 જુલાઈથી ભારત સહિત અનેક દેશો પર વધારાનો 10 ટકા ટેરિફ લાદ્યો છે. ગોયલ સપ્ટેમ્બરના અંતમાં મિલવૌકીમાં G-20 વેપાર મંત્રીમંડળમાં હાજરી આપવા માટે અમેરિકાની મુલાકાત લેશે અને USTR જેમીસન ગ્રીર સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે, જેમાં વેપાર કરારના મુદ્દાઓ ચર્ચામાં રહેશે.

### ઉત્તર અને પૂર્વ...

નજીક જબલી વિસ્તારમાં દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજ્યભરમાં ૯૫ જેટલા રસ્તાઓ ટ્રાફિક માટે બંધ રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં, દામોદર ખીણ નિગમે ભારે વરસાદ અને પ્રવાહમાં વધારો વચ્ચે તેના મૈથોન અને પંચેત જળાશયોમાંથી પાણી છોડ્યા પછી, નીચે તરફના વિસ્તારો માટે પૂર ચેતવણીઓ જારી કરવાનું શરૂ કર્યું. ભારે વરસાદને કારણે તિલપરા અને ન્યૂ ફરક્કા વચ્ચેના પાટા નીચે માટી ધોવાઈ જતાં પશ્ચિમ બંગાળના પૂર્વીય રેલ્વે હાવડા-માલદા ડિવિઝનમાં પણ ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ હતી.

### યુક્રેન-રશિયા...

પરંતુ જો ભારત કોઈપણ પ્રકારે મદદરૂપ થઇ શકે તો અમે તૈયાર છીએ." ભારત સતત વાતચીત અને રાજદ્વારી માર્ગે રશિયા-યુક્રેન સંઘર્ષનો અંત લાવવાની અપીલ કરતું રહ્યું છે. વિદેશ મંત્રીએ ઉમેર્યું, " યુદ્ધ ખતમ કરવાની વડા પ્રધાન મોદીના આહ્વાનને અનુરૂપ, મારી મુલાકાતનું મુખ્ય ધ્યાન સંવાદ અને રાજદ્વારી શક્યતાઓ પર છે. હું આજે યુક્રેનિયન પક્ષ દ્વારા શેર કરવામાં આવેલા વિચારો અને વલણોને પરત લઈ જઈશ." અગાઉ, યુક્રેનના વિદેશ મંત્રીએ અનંત યુદ્ધમાંથી યુદ્ધના અંત તરફ આગળ વધવાના વડા પ્રધાન મોદીના આહ્વાનનું સ્વાગત કરતાં કહ્યું હતું કે તેમનો દેશ રાજદ્વારી પ્રયાસો માટે તૈયાર છે. રશિયા સાથે યુક્રેનની વધતી લડાઇ વચ્ચે જયશંકર અહીં આવી પહોંચ્યા હતા. તેમણે સિબિહાને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

### ટાટા કેમિકલ્સ કંપનીને...

કંપની ... પાસે 100 વર્ષનો કરાર હતો. તેઓએ કાજિયાડોમાં કંઈ બનાવ્યું નથી, તેઓએ કાજિયાડોમાં કોઈ ફેક્ટરી બનાવી નથી," એમ રૂટોએ કહ્યું. "અમે કહ્યું છે કે અમે એક નવી કંપની લાવીશું અને... તેઓએ કાજિયાડોમાં એક મોટી કાચની કંપની મૂકવી જોઈએ. અને કાજિયાડોમાં રસાયણો બનાવવા માટે બીજી કંપની. શું આપણે બીજા લોકોના ગુલામ છીએ?" કેન્યાની કુદરતી સંપત્તિનો પહેલા કેન્યાના લોકોને ફાયદો થવો જોઈએ તેવો આગ્રહ રાખતા, રૂટોએ દલીલ કરી હતી કે ખનિજો અહીંથી કાઢવામાં આવે અને પ્રક્રિયા માટે બહાર મોકલવામાં આવે તેવું થવું જોઈએ નહીં. તેમણે કહ્યું કે સ્થાનિક સમુદાયોને તેમના પ્રદેશમાં મળતા સંસાધનોથી નોકરીઓ અને રોકાણ સહિતના મૂર્ત ફાયદા જોવા મળવા જોઈએ. કેન્યાના ધ સ્ટાર અખબાર અનુસાર, રૂટોએ કહ્યું કે આ નિર્ણય પાછળ ટાટા કેમિકલ્સ દ્વારા અપૂરતા સ્થાનિક રોકાણ અને કાજિયાડોમાં પૂરતા વિકાસનો અભાવ હતો. જો કે સરકારના આ નિર્ણયની કેન્યાની ડેમોક્રેસી ફોર ધ સિટીઝન્સ પાર્ટી (DCP) તરફથી ટીકા થઈ છે, તેણે કહ્યું છે કે પ્રમુખના વેપારી હિતોને કારણે આ નિર્ણય લેવાયો છે.